ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૧/૨૨–૨૩/ 1693 તારીખ : 27 MAY 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૧/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી ઓધાભાઈ પરશોતમભાઈ ઢેઢી,**
**મું.જસપરા(માંડવા), પંડયા શેરી,**
**તા.તળાજા,**
**જી.ભાવનગર.**

**મો.નં – ૯૦૧૬૧ ૯૨૦૬૫**

**વિષય : સોલાર પેનલને થયેલ નુકશાન રીપેરીંગ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૫/૦૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૬/૦૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૨–૨૩/૧૧૬૦ તા.૦૮/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૨–૨૩/૧૧૯૪ તા.૧૨/૦૪/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૪/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૨, **ભાવનગર.**

*......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૦૧/૨૨–૨૩</u>** ☜

વાદી :– **શ્રી ઓધાભાઈ પરશોતમભાઈ ઢેઢી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૨૭/૦૪/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી રાકેશભાઈ ઓધાભાઈ ઢેઢી (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ઓધાભાઈ પરશોતમભાઈ ઢેઢી, મું.જસપરા(માંડવા), તા.તળાજા, જી.ભાવનગર ની સોલાર પેનલને થયેલ નુકશાનનું રીપેરીંગ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૨–૨૩/૧૧૬૦ તા.૦૮/૦૪/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૭/૦૪/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ઓધાભાઈ પરશોતમભાઈ ઢેઢી વતી તેમના પુત્ર શ્રી રાકેશભાઈ ઓધાભાઈ ઢેઢી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેઓએ તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ રસીદ નં–૦૫૭૫૬૩ થી રૂા.૨૫,૦૦૦/– સોલાર AG પમ્પસેટ નું અંદાજપત્ર ભરપાઈ કરેલ જે અનુસંધાને તેઓના સર્વે નંબરમાં સોલાર પમ્પસેટ ફીટ કરેલ છે.

૧.૨ જે સોલાર પેનલ મે–૨૦૨૧ માં આવેલ તોકતે વાવાઝોડામાં બળી ગયેલ છે તેમજ સ્ટેન્ડમાંથી ઉખડી ગયેલ છે. જેની અરજી મામસા પેટા વિભાગીય કચેરીને તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ આપેલ છે.

૧.૩ વાવાઝોડાના ચાર માસ બાદ સોલારના નુકશાન અંગે સર્વે કરી ગયેલ છે. પરંતુ, આજદિન સુધી પેનલ ફીટ કરી આપેલ નથી.

૧.૪ સદર અરજીના અનુસંધાને સોલાર પેનલ યોગ્ય કરવા વિનંતી અન્યથા, ના છૂટકે પીજીવીસીએલ કંપની સામે નુકશાની નો દાવો કરવાની ફરજ પડશે જેની નોંધ લેશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી ઢેઢી ઓધાભાઈ પરશોતમભાઈ મામસા પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જસપરા ગામે ખેતીલાયક જમીન ના સર્વે નં – ૧૪ પૈકી ૪ માં OFF GREED SOLAR PUMP SET યોજના અંતર્ગત સોલાર પમ્પસેટ ધરાવે છે.

૨.૨ સદર ઓફ ગ્રીડ સોલાર પમ્પસેટ EI-Sol Energy System એજન્સી દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ લગાડવામાં આવેલ હતી. જેનો Consumer No.37829/00532/0 અને Last Date of Guarantee 25-Jan-2022 છે.

૨.૩ અરજદારશ્રી દ્વારા વર્ષ–૨૦૨૧ માં આવેલ તૌકતે વાવાઝોડાને લીધે સોલાર પેનલને નુકશાન થતાં, પેટા વિભાગીય કચેરી, મામસા ખાતે તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ. જે અનુસંધાને મામસા દ્વારા તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ તે સમયના પ્રવર્તમાન નિયમોનુસાર સદર ફરીયાદ સોલાર પોર્ટલમાં નોંધાવેલ છે.

૨.૪ તેમજ વર્તુળ કચેરી,ભાવનગર દ્વારા પણ સમયાંતરે ઈ–મેલ કરી સદર ફરીયાદનો ઉકેલ લાવવા EI-Sol Energy System એજન્સીને જણાવેલ છે. તેમજ નોટીસ પણ પાઠવેલ છે.

૨.૫ પરંતુ, સોલાર એજન્સી દ્વારા આજદિન સુધી ફરીયાદનું નિવારણ કરવામાં આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી ઢેઢી ઓધાભાઈ પરશોતમભાઈ ની રજૂઆત છે કે, તેમના સોલાર પમ્પસેટ થી મે–૨૦૨૧ વાવાઝોડા તૌકતે દરમ્યાન સ્ટેન્ડમાંથી ઉખડી ગયેલ છે. જે આજદિન સુધી પેનલ ફીટ કરી આપેલ નથી.

૩.૨ પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, અરજદારશ્રી ના ગામ– જસપરા સર્વે નં–૧૪ પૈકી ૪ ની OFF GREED SOLAR PUMP SET હેઠળ ના સોલાર કનેકશન અંગેની ફરીયાદ મળતા તેમની પેટા વિભાગીય કચેરી, મામસા તથા વર્તુળ કચેરી દ્વારા અવાર નવાર સોલાર એનર્જી સીસ્ટમ એજન્સીને પેનલ ફીટ કરવા બાબતે જાણ કરેલ છે.

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીના કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે, વાદીના કનેકશન ની સોલાર કંપની સાથે થયેલ તેમની વાતચીત મુજબ દિવસ–૧૦ માં સોલાર કંપની દ્વારા વાદીની સોલાર પેનલ નું રીપેરીંગ કામ કરી આપવામાં આવશે તે બાબતની બાંહેધરી આપેલ છે.

૩.૪ આ તબકકે કમીટીને જણાય છે કે, સોલાર કંપની દ્વારા વાદીને આપવામાં આવતી સેવા ની ખામી બાબતે એગ્રીમેન્ટ ના ( એ.ટી. ન. ૮૮૮ તા. ૦૩.૦૮.૧૬ ) **ગેરેંટી** કલોઝ નંબર ૧૪ મુજબ પેનલ્ટીની રકમ વસુલવાની થાય છે.

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ કંપની એ આજરોજ કરેલ રજુઆત તેમજ સોલાર કંપની ની બાંહેધરી મુજબના દિવસોમાં ફોલોઅપ લઇ વાદીનું પેનલ સ્ટેન્ડ ના રીપેરીંગની કામગીરી કરાવી આપવી તથા સોલાર કંપની પાસેથી એગ્રીમેન્ટના **ગેરેંટી** કલોઝ નંબર ૧૪ મુજબની પેનલ્ટી રીકવરી અંગેની કાર્યવાહી કરવી તથા તેનો અહેવાલ દિવસ–૨૦ માં ફોરમને કરવો.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦ ૦૦૧, સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :– ૨૭/૦૪/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar